**ધી નવાનગર કો ઓપરેટીવ બેંક લી. – જામનગર**

# કોમ્પ્રિહેન્સીવ ઈન્ટરેસ્ટ રેઈટ પોલીસી ઓન ડિપોઝીટ



★ રજી. ઓફિસ ★
" નવાનગર બેંક ભવન "
પ્રણામી સ્કુલ સામે, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર.
ફોન નં. ૦૨૮૮ – ૨૫૬૩૯૮૪, ૨૫૬૩૯૮૫
E-mail : mail@nawanagarbank.co.in
ho@nawanagarbank.co.in
web site : www.nawanagarbank.co.in

1 **<u>પ્રસ્તાવના</u>**

1.1 આર.બી.આઈ.ના માસ્ટર ડાઈરેક્શન નં DCBR.DIR.NO.1/13.01.000/2015-16 તા. ૧૨/૦૫/૨૦૧૬ તા. ૦૨/૦૭/૨૦૨૧ સુધી અદ્યતન થયા મુજબ મુજબ શહેરી સહકારી બેંકોએ પોતાની ડિપોઝીટની વિવિધ પ્રોડક્ટ્સ પરના વ્યાજ દર અંગેની એક પોલીસી બનાવવાની રહે છે. જે મુજબ આપણી બેંકમાં વિવિધ ડિપોઝીટ્સ અંગેના વ્યાજ દરો અંગેની બાબતોએ પારદર્શીતા જળવાઈ રહે અને વિવિધ પ્રકારની ઘરેલું થાપણો મુજબ દરેક થાપણદારોને સમાન લાભ મળે તેવા હેતુંથી નીચે મુજબની વ્યાજદર નીતી જાહેર કરવામાં આવે. છે.

1.2 આ પોલીસીમાં રીઝર્વ બેંકની વખતો વખતની નીતિ અને માર્ગદર્શીકાઓને ધ્યાનમાં રાખીને જરૂરી ફેરફાર કરવાનો બેંકના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અથવાતો બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ જેને સત્તા અને જવાબદારી સોંપે તેનો વિવેકાધિકાર રહેશે.

2 **<u>કાર્યક્ષેત્ર</u>**

આ નીતી બેંકના થાપણદારો, સહ-થાપણદારો તથા તેના નોમીનીઝ અને તેમના વાસરદારોને લાગું પડશે.

3 **<u>થાપણના વિવિધ પ્રકારો</u>**

3.1 **ડિમાન્ડ ડિપોઝીટ**
એટલે એવી ડિપોઝીટ કે જે માંગણી થયે ગમે ત્યારે ચૂકવવી જરૂરી બને છે.

3.1.1 **ચાલુ ખાતું**
ચાલું ખાતુ એ એક પ્રકારની ડિમાન્ડ ડિપોઝીટ છે કે જેમાં ખાતામાં રહેલ પુરાંતને આધારે અથવાતો નક્કી કરેલ ચોક્કસ રકમ સુધી ગમે તેટલી વખત ઉપાડ કે જમાં કરાવી શકે. આમાં બચત ખાતા અથવા મુદતી થાપણ ન હોય તેવા અન્ય ખાતાઓનો સમાવેશ થાય છે. સામાન્યતઃ આ સવલત ધંધાર્થીઓને તેના રોજબરોજના નાણાંકીય વ્યવહારો કરવા માટે આપવામાં આવે છે અને તેના પર સામાન્ય રીતે કોઈ વ્યાજ ચૂકવવામાં આવતું નથી. પરંતું ફકરા નં ૪.૮માં જણાવ્યા મુજબ વ્યક્તિગત કે એકલ માલિકી(પ્રોપરાઈટરશીપ)ના કિસ્સાઓમાં એકમાત્ર ખાતેદારના દેહાંતના કિસ્સામાં આર.બી.આઈ.ની ગાઈડલાઈનમુજબ વ્યાજની ચૂકવણીની જોગવાઈ અમલમાં રહેશે.

3.1.2 **બચત ખાતું**
બચત ખાતું પણ એક પ્રકારની ડિમાન્ડ ડિપોઝીટ છે કે જેમાં થાપણના ઉપાડની સંખ્યા તેમજ રકમ પર બેંક નિશ્ચિત મર્યાદા રાખી શકે છે. સામાન્યત : આવા ખાતાઓ વ્યક્તિગત, એચ.યુ.એફ., ટ્રસ્ટ અથવાતો અન્ય કોઈ સંસ્થા કે જેમાં નાણાંકિય વ્યવહારો મર્યાદિત સંખ્યામાં થતાં હોય તેને આ સવલત યોગ્ય રહે અને આ સવલતમાં રોજ બરોજની થાપણની આખર બાકી પર ચોક્કસ સમયાંતરે વ્યાજ પણ ચૂકવવામાં આવે છે.

3.2 **ટાઈમ એન્ડ ડીમાન્ડ ડિપોઝીટ**
ટાઈમ એન્ડ ડિમાન્ડ ડિપોઝીટ એટલે એવા પ્રકારની ડિપોઝીટ કે જેમાં ગ્રાહક દ્વારા નાંણાં ચોક્કસ મુદતના કરારથી બેંકને સુપ્રત કરવામાં આવે છે. પરંતુ જો ગ્રાહક ઈચ્છે તો ગમે ત્યારે કરાર રદ્દ કરીને નાંણાં પરત મેળવી શકે છે. જેના બદલામાં બેંક નિયત કરેલ દંડાત્મક રકમ વસુલી શકે છે જેમાં ફિક્સ ડિપોઝીટ, મહાલક્ષ્મી ડિપોઝીટ, માસીક વ્યાજ યોજના, ત્રિમાસિક વ્યાજ યોજના, રીકરીંગ સ્કિમ તથા પરિવાર બચત યોજનાનો સમાવેશ થાય છે.

3.3 રીકરીંગ ડીપોઝીટ પર ખાતું પાકી ગયા પછી ખરેખર ચૂકવણી થાય તે તારીખ સુધીનું બચત ખાતાનું વ્યાજ આપવાનું રહેશે.

4 **<u>ઘરેલું થાપણો અંગેના સામાન્ય નિયમો</u>**

4.1 વ્યાજની ચૂકવણી અંગેના દરો ધી નવાનગર કો-ઓપ. બેંક લી.ની તમામ શાખાઓના થાપણદારો માટે સમાન તારીખે સમાન રકમ માટે અને સમાન પ્રોડક્ટ પર એક જ વ્યાજદર લાગું પડશે. તેમાં કોઈ ભેદભાવ કરવામાં નહિં આવે.

4.2 બેંકે ઘરેલું થાપણો પરના વ્યાજની ચૂકવણી અગાઉથી જાહેર કરેલ આયોજન અને દર મુજબ ચુસ્તપણે ચૂકવણી કરવાની રહેશે.

4.3 બેંક અને થાપણદારો વ્યાજ દર બાબતે કોઈ વાટાઘાટો (ભાવ-તાલ) નહિં કરી શકે. આ વ્યાજ દરોની ચૂકવણી સક્ષમ સતા દ્વારા નક્કિ કરવામાં આવેલા કરાર દરોએ જ કરવાની રહેશે.

4.4 ઘરેલું થાપણો પરના વ્યાજ દરો વ્યાજબી, સુસંગત, પારદર્શી અને ચકાસણી માટે દરેક શાખામાં ઉપલબ્ધ રહેશે.

4.5 ઘરેલું ઘરેલું થાપણો પરના તમામ વ્યાજની ચૂકવણી નજીકની રકમને અનુલક્ષીને રૂપીયાના ગુણાંકમાં ચૂકવવાની રહેશે.

4.6 ઘરેલું થાપણોની પાકતી તારીખે બેંકનો કામકાજી દિવસ ન હોય (એટલેકે રવીવાર, અન્ય રજાના દિવસો)તો બેંકે આ ઘરેલું થાપણોની ચૂકવણી ત્યાર પછીના પહેલા કામકાજના દિવસે કરવાની રહશે અને આ બીન કામકાજી દિવસો દરમ્યાનનું વ્યાજ થાપણદારને કરાર મુજબના વ્યાજદરે ચૂકવવાનું રહેશે.

4.7 બાંધી મુદતની ઘરેલું થાપણોના નવીનીકરણ માટે બેંક "ઓટો રીન્યુઅલ" ની સવલત માગ્યા મુજબ આપશે. આ ઉપરાંત જો "ઓટો રીન્યુઅલ" સવલત થાપણદાર દ્વારા ન મેળવવામાં આવતી હોય તો તેને થાપણ પાક્યા તારીખ થી ૧૪ દિવસમાં ડિપોઝીટ "એઝ ઓફ"થી રીન્યુ કરવાની સવલત આપવામાં આવશે. ત્યારબાદ આ બાંધી મુદતની થાપણની ચૂકવણી કે નવીનીકરણ નહિ કરવામાં આવે તો તેને પાકતી તારીખથી મુદત વીતી બાંધી મુદતની થાપણ ગણીને તેના પર પ્રવર્તમાન બચત ખાતાનો વ્યાજ દર અથવા બાંધી મુદતનો કરાર દર બેમાંથી જે ઓછું હશે તે ચૂકવવામાં આવશે. **બાંધી મુદતની ઘરેલું થાપણ કોઈ સક્ષમ સતા દ્વારા ફ્રીઝ કરવામાં આવેલી હોય તો મુદત પુરી થયે નવીનીકરણ માટે ગ્રાહક પાસેથી લેખીત સંમતીપત્ર મેળવીને આવી થાપણનું નવીનીકરણ કરવાનું રહેશે પરંતુ આવી થાપણની રસીદ ગ્રાહકને ઈશ્યું ન કરતાં તેને બદલે રસીદની માહિતી આપતી નોટ (પત્ર) આપવાની રહેશે. તથા આવા નવીનીકરણ અંગેની તથા તેના પર ચૂકવાતા વ્યાજદરની માહિતી જે તે સક્ષમ સતાને જણાવવાની રહેશે.**

4.8 બેંક દ્વારા ચાલું ખાતાઓની ઘરેલું ઘરેલું થાપણો પર કોઈપણ વ્યાજ ચૂકવવામાં આવશે નહિં, પરંતુ મૃતક વ્યક્તીગત અથવા એકાકી માલીકી ધરાવતી પેઢીના મૃતક માલીકના દાવાની પતાવટના કિસ્સામાં મૃતકની મૃત્યુ તારીખથી દાવાની ચૂકવણીની અગાઉની તારીખ સુધી પ્રવર્તમાન બચત ખાતાના વ્યાજ દરે વ્યાજ સહિત રકમ તેના વારસદાર / કાયદેસરના દાવેદારને ચૂકવવાની રહેશે.

4.9 બચત ખાતા પર તમામ થાપણદારો માટે વ્યાજ દર સમાન રહેશે અને આ સવલતમાં રોજ બરોજની થાપણની આખર બાકી પર સક્ષમ સતા દ્વારા અગાઉથી નક્કિ કરેલ વ્યાજ દરે ત્રિમાસીક ધોરણે અથવાતો વખતો વખત નક્કિ થાય તે મુજબ વધુ મુદતના સમયાંતરે વ્યાજની ચૂકવણી કરી શકશે. બચત ખાતું ડોરમન્ટ, ઈન ઓપરેટીવ અથવા સ ક્ષમ સતા દ્વારા ફ્રિઝ કરવામાં આવેલું હોય તો પણ આવા ખાતાઓમાં રહેતી બાકી પર ચૂકવવાપાત્ર વ્યાજ જમાં કરવાનું રહેશે.

4.10 બાંધી મુદતની ઘરેલું થાપણ પર વ્યાજની ચૂકવણી બેંકની સક્ષમ સતા દ્વારા નક્કિ કરેલ મુદત અનુસારના વ્યાજ દરે આર.બી.આઈ.ની સૂચનાઓ મુજબ કરવાની રહેશે.

4.11 **બાંધી મુદતની ઘરેલું થાપણો પર વ્યાજ દરમાં તફાવત નીચેના કારણોસર કરી શકાશે.**

4.11.1 થાપણદારોને લઘુતમ ૩૦(ત્રીસ) દિવસો બાદ પાકતી મુદતની સમય મર્યાદાને આધારે સક્ષમ સતાધિકારીઓ દ્વારા વખતો વખત નક્કિ કરેલ અલગ-અલગ વ્યાજ દર આપી શકશે.

4.11.2 બેંકમાં હાલમાં બલ્ક ડિપોઝીટ (વધુ રકમની ડિપોઝીટ) પર વધુ વ્યાજની કોઈ જોગવાઈ ન હોય જયારે આ

પ્રકારની જરૂરીયાત ઉપસ્થિત થશે ત્યારે સક્ષમ સતા દ્વારા પોલીસીમાં સુધારો કરી શકાશે.

4.11.3 બેંક અપરિપક્વ ઉપાડાતી ડિપોઝીટ પર, ડિપોઝીટની રકમ જેટલાં સમય માટે રહી હશે તે સમય ગાળાનું **બાંધી મુદતની થાપણનું વ્યાજ દંડનીય વ્યાજ બાદ કરીને ચૂકવી આપશે. આ અંગે શાખાના નોટીસ બોર્ડ પર ગ્રાહકને જાણ કરવાની રહેશે.**

4.11.4 ડિસીઝડ કેસમાં બાંધી મુદતની થાપણના અપરિપક્વ ઉપાડના સંદર્ભમાં ડિપોઝીની રકમ જેટલાં સમય માટે રહી હશે તે ગાળાનું વ્યાજ ચૂકવવાનું રહેશે આવા અપરિપક્વ ઉપાડ પર દંડનીય વ્યાજ લેવામાં નહિં આવે.

4.11.5 **બેંક ઓછામાં ઓછી ૩૦ દિવસની મુદત માટે જ બાંધી મુદતની ઘરેલું ઘરેલું થાપણો સ્વિકારતી હોય જો કોઈ બાંધી મુદતની થાપણ ૩૦ દિવસ અને ૭ (સાત) દિવસ બાદ પ્રિ મેચ્યોર્ડ થાય તો ગ્રાહકને દંડનીય વ્યાજ બાદ કરતાં મળતી રકમ અથવા સેવીંગ ખાતામાં મળતું વ્યાજ બેમાંથી જે ઓછું હોય તે ચૂકવવાનું રહેશે.**

4.11.6 **સ્ટાફ ડિપોઝીટ (વધારાનું વ્યાજ)**

4.11.6.1 બેંકના રેગ્યુલર કે રીટાયર્ડ સ્ટાફ દ્વારા મુકાયેલ ઘરેલું થાપણોમાં સ્ટાફનું નામ પહેલું હશે તો કાર્ડ રેઈટ કરતાં ૧% વધુ વ્યાજ આપવામાં આવશે. આવો લાભ મુદતી થાપણ, બચત ખાતા અને રીકરીંગ ખાતાઓને લાગુ પડશે. આવા કિસ્સામાં બીજુ નામ કોનું છે તે મહત્વનું નહીં ગણાય.

4.11.6.2 જો ડિપોઝીટમાં સ્ટાફ મેમ્બરનું નામ પ્રથમ ન હોય અને સ્ટાફ મેમ્બર કે રીટાયર્ડ સ્ટાફની સાથે નીચેના ફકરા નં ૪.૧૧.૬.૩માં આપેલ લીસ્ટ મુજબના માન્ય સગા હશે તો પણ એવી થાપણ સ્ટાફ ઈન્ટરેસ્ટ રેઈટને પાત્ર બનશે.

4.11.6.3 નજીકના સગામાં પતિ-પત્ની, માતા-પિતા, અપરણીત ભાઈ- અપરણીત બહેન, પુત્ર-પુત્રી તથા પૌત્ર-પૌત્રી સમાવેશ થશે આ સિવાય સાળો-સાળી, બનેવી, ભાભી, જમાઈ, માસા-માસી, મામા-મામી, દાદા-દાદી, વગેરેનો સમાવેશ થશે નહિં. પરણીત પુત્ર - પરણીત પુત્રીને પણ સ્ટાફ ડિપોઝીટ રેઈટનો લાભ મળવા પાત્ર નથી. પરંતુ રસીદ મુક્યા બાદ પુત્ર-પુત્રીના લગ્ન થશે તો આવી રસીદો પાકતી તારીખ સુધી સ્ટાફ રેઈટને માન્ય રહેશે પરંતુ તેનું રીન્યુઅલ સ્ટાફ રેઈટથી કરી શકાશે નહીં.

4.11.6.4 **મૃતક સ્ટાફના પતિ / પત્નિને પણ સ્ટાફ રેઈટનો લાભ આપી શકાશે.**

4.11.6.5 સંયુક્ત બાંધી મુદતની રકમ સ્ટાફની પોતાની છે અથવા તેના દ્વારા બીજા નિર્ધારીત સગાને મળી છે તેવું અન્ડરટેકીંગ સ્ટાફે આપવું પડશે.

4.11.6.6 જો કર્મચારીને નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલા હશે તો બરતરફીની તારીખથી તે કર્મચારીની ઘરેલું થાપણો સ્ટાફ ડિપોઝીટના લાભોને પાત્ર ગણાશે નહિં.

4.11.6.7 હંગામી કર્મચારીઓ, તાલીમાર્થીઓ, કમીશન એજન્ટ્સ અને એપ્રેન્ટીસને તેમની ઘરેલું થાપણો પર સ્ટાફ ડીપોઝીટના લાભો નહિં મળે.

4.11.6.8 સ્ટાફ કર્મચારીઓની ક્લબ અથવા તો જેના બધાજ સદસ્યો નવાનગર બેંકના સ્ટાફ મેમ્બર હોય અને આવી સંસ્થા સ્ટાફના હિતાર્થે કાર્યરત હોય તેવી સંસ્થાને તેથી સ્ટાફ ઘરેલું થાપણો પર વધારે વ્યાજનો લાભ મળવાપાત્ર થશે.

4.11.6.9 **જો કોઈ નિવૃત કર્મચારી સીનીયર સીટીઝન હોય તો તેને સ્ટાફ રેઈટ અથવા સીનીયર સીટીઝન બે માંથી કોઈ એક લાભ પરંતુ વધુમાં વધું ૧% લાભ આપવાપાત્ર છે.**

4.11.7 દરેક પ્રકારની બાંધી મુદતની ઘરેલું થાપણોમાં સીનીયર સીટીઝનને બેંકની સક્ષમ સતા વખતો વખતો નક્કિ કરે તે મુજબ વધારાના વ્યાજ દરે ચૂકવણી કરવાની રહેશે.

5 બેંક ફિક્સ કરાર દરની જ ઘરેલું થાપણો સ્વિકારશે. ચલીત વ્યાજ દર ધરાવતી ઘરેલું થાપણો સ્વિકારી શકાશે નહિં. કોઈ પણ ઘરેલું થાપણોનાં વ્યાજદરમાં ફેરફાર કરવાની સતા સ્ટેન્ડીંગ કમીટી અથવા બોર્ડ ઓફ ડાયરેક્ટર્સને રહેશે સતાને રહેશે. અને આવા વ્યાજ દરો ચોક્કસ સમયથી ચોક્કસ થાપણદારોના સમૂહને લાગું કરી શકાશે.

6 બાંધી મુદતની ઘરેલું થાપણો પર વ્યાજની ચૂકવણી પર ઈન્કમટેક્ષના નિયમો મુજબ નિયત દરે ટી.ડી.એસ. કાપવાનો રહેશે અથવાતો નિયત રકમ સૂધીના વ્યાજ પર ગ્રાહકનું ડેકલેરેશન અથવા એક્ઝમ્પશન સર્ટીફીકેટ મેળવી તેમને ટી.ડી.એસ. કપાતમાંથી મુક્તિ આપવામાં આવશે

7 **<u>પ્રતિબંધો</u>**

7.1 બેંક દ્વારા ઘરેલું થાપણો મેળવવા માટે કોઈપણ પ્રકારની ફી, કમીશન, દલાલી કે ઈન્સેન્ટીવ સ્વરૂપે કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની, એસોશીએશન, સંસ્થા કે અન્ય કોઈ વ્યક્તિઓને આપશે નહિં સીવાય કે....

7.1.1 ઘેર-ઘેર ડિપોઝીટ ઉઘરાવતા હોય તેવી સ્કિમના એજન્ટો.

7.1.2 ગ્રાહક સેવા કેન્દ્રોને ચૂકવાતી રકમો.

7.1.3 રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા કર્મચારીઓ માટે વખતો વખત નક્કિ કરેલ પ્રોત્સાહનો.

7.2 ઘરેલું થાપણો મેળવવા માટે બેંક કોઈ ઓફર પ્રાઈઝ, લોટરી અથવા ફ્રી ટ્રીપ જેવી યોજનાઓ નહીં આપી શકે.

7.3 **બેંક અસૈધાંતીક રીતે હાલના અથવા સંભવીત ધિરાણ ધારકો પાસેથી ધિરાણ મંજૂર કરવાની શરતે ડિપોઝીટ નહિં મેળવી શકે.**

7.4 બેંક દ્વારા કરવામાં આવતી કોઈપણ જાહેરાતો અથવા માહિતી દર્શક સાહીત્યમાં વાર્ષિક થાપણ દર જ દર્શાવવાનો રહેશે. ચક્રવૃધ્ધિ વર્ષિક કમાણી દર દર્શાવી શકાશે નહિં.

7.5 કરન્ટ ખાતા સીવાય ખાતેદાર પાસેથી વગર વ્યાજની કોઈ થાપણ સ્વિકારી શકાશે નહિં અથવા પરોક્ષ રીતે કોઈ લાભો આપી શકાશે નહિં.

8 **<u>મુક્તિઓ</u>**

8.1 ઉપરોક્ત પ્રતિબંધો નિચેના કિસ્સાઓમાં લાગું નહિં પડે.

8.1.1 કો આપરેટીવ બેંકો પાસેથી થાપણ મેળવેલ હોય ત્યારે.

8.1.1.1 માન્ય સંસ્થાઓ દ્વારા બેંકમાં સ્વિકારવામાં આવતી ઘરેલું થાપણો જેવીકે કોલ / નોટીસ / ટર્મ મની માર્કેટમાં ધિરાણ કરનાર અથવા મેળવનાર તરીકે.

8.1.1.2 કે જેની પાસે ભાગ લેવા અંગેનુ સર્ટીફીકેટ હોય.

8.1.2 બેંક બહારગામના ઈન્સ્ટ્રુમેન્ટ્સ જેવા કે ચેક્સ, ડ્રાફ્ટ, બીલ્સ, ઈ-ટ્રાન્સફર વગરેમાં ચૂકવવામાં મોડું થવાના સંદર્ભમાં વ્યાજ મેળવી કે ચૂકવી શકશે.

9 **<u>જાહેરાત</u>**

આ પોલીસી બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની ૨૩.૦૫.૨૦૨૨ ના રોજની મીટીંગમાં ઠરાવ નં ૨૨થી મંજૂર થયેલ છે. અને તે આર.બી.આઈ.ની વખતો વખતની સૂચનાઓને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા રીવ્યું કર્યા બાદ ફેરફારને આધિન છે. આ પોલીસી આર.બી.આઈ.ના કોઈ નિયમો અથવા તો દેશના કોઈપણ કાયદાનું ઉલ્લંઘન કરતી હશે તો તે પોલીસીની બાબત માન્ય ગણવામાં આવશે નહિં અને તેને આગામી બોર્ડ મીટીંગમાં સત્વરે સધારી લેવાની રહેશે.